## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




બહેન... પેશન્ટ વારંવાર થાંભલે ભટકાઈ જાય છે તે વાત સાચી પરંતુ આંખમાં કોઈ પ્રોબ્લેમ નથી... થોડા દિવસ મોબાઈલ તેમની પાસેથી લઈ જુઓ... પછી ફેર પડી જશે...!!

# ગાંધીનગરથી નડાબેટ સીમાદર્શન સાયકલોથોનનું પ્રસ્થાન

## 'ચલો સીમાદર્શને'નો નારો સમાજમાં પ્રસરાવી બીએસએફ-સીમાદર્શન-રાષ્ટ્રભકિતની ત્રિવેણી રચનારી સાયકલોથોન બનશે : મુખ્યમંત્રીશ્રી : ત્રણ દિવસમાં ૩૭ સાયકલવીરો ૨૪૫ કિમીની યાત્રા કરશે

ગાંધીનગર, તા.૯

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ બોર્ડર સિકયુરિટી ફોર્સ-બીએસએફ દ્વારા યોજાયેલી સીમાદર્શન-સાયકલોથોનને પ્રસ્થાન કરાવતાં આ સાયકલોથોન બી એસ એફ, સીમાદર્શન માટેની ચેતના અને દેશભકિતના જુસ્સાની ત્રિવેણી બનશે તેવો વિશ્વાસ દર્શાવ્યો છે.

આ સાયકલોથોન સમાજમાં 'ચલો સીમાદર્શને'ના નારા સાથે ગુજરાતની સરહદી રાજ્ય તરીકેની બોર્ડર ટુરિઝમની ભાવનાને સાકાર કરશે તેમ પણ તેમણે ઉમેર્યુ હતું.

બોર્ડર સિકયુરિટી ફોર્સ ગુજરાતના આઈ.જી. અજય તોમરના નેતૃત્વમાં આ સાયકલોથોનમાં ૩૦ થી વધુ બીએસએફ જવાનો જોડાયા છે.

શિક્ષણ અગ્રસચિવ શ્રીમતી સુનયના તોમર સહિતની ૩ બહેનોએ પણ આ સાયકલોથોનમાં જોડાઈને નારી સશકિતકરણનો મહિમા કર્યો છે. મુખ્યમંત્રીએ ગાંધીનગરમાં મંત્રીમંડળ નિવાસ સંકુલના કોમ્યુનિટી સેન્ટરથી આ યાત્રાનો પ્રારંભ કરાવ્યો હતો.

ગાંધીનગરથી બનાસકાંઠાના સરહદી ગામ નડાબેટની ભારત-પાક ચેકપોસ્ટ પર આ યાત્રાનું સમાપન થશે. ગુજરાત પ્રવાસન નિગમ આ યાત્રામાં સહઆયોજક તરીકે જોડાયું છે.

૨૪૫ કિ.મી.ની આ યાત્રા ત્રણ દિવસમાં પૂર્ણ થવાની છે. યાત્રાના માર્ગોમાં આવતા નગરો-




ગામોમાં બીએસએફના આ સાયકલવીર જવાનો રાષ્ટ્રપ્રેમ અને સીમાદર્શન માટેની જનચેતના જગાવશે.

વિજયભાઈ રૂપાણીએ સાયકલવીરોને સફળતાની શુભેચ્છાઓ પાઠવતાં કહ્યું કે, સરહદના આ સંત્રીઓ દેશ માટે જીવી જાણવાની પ્રેરણા સમાજમાં ફેલાવશે.

મુખ્યમંત્રીએ આ સાયકલોથોન પર્યાવરણ સુરક્ષા, ગ્લોબલ વોર્મિંગ સામેના સંકટનો ઉપાય અને સાયકલીંગથી સ્વાસ્થ રક્ષાનો સમાજ સંદેશ જનજનને પહોચાડનારી યાત્રા બનવાની છે તેમ પણ સ્પષ્ટપણે જણાવ્યું હતું.

આ અવસરે શિક્ષણ મંત્રી ભુપેન્દ્રસિંહજી ચુડાસમા, સામાજિક ન્યાય અધિકારીતા મંત્રી આત્મારામભાઈ પરમાર, રાજ્યમંત્રી નાનુભાઈ વાનાણી તથા યુવા ક્રિકેટર પાર્થિવ પટેલ, પ્રવાસન અગ્રસચિવ એસ.જે. હૈદર સહિતના અધિકારીઓ બીએસએફ પરિવારોએ ઉપસ્થિત રહીને સાયકલવીરોને વધાવ્યા હતા.

## શહેરમાં સંત શિરોમણી રોહિદાસજીની જન્મજયંતિ ભવ્ય રીતે ઉજવાશે

ગાંધીનગર, તા.૯

સંત રોહિદાસ સેવા સમાજ ગાંધીનગરના ઉપક્રમે સંત રોહિદાસજીની ૬૪૦મી જન્મજયંતિની ઉજવણી ૧૦ ફેબ્રુઆરી શુક્રવારે યોજાશે જેમાં શોભાયાત્રા, ધર્મસભા, સંતવાણીનો કાર્યક્રમ યોજાશે.

ગાંધીનગર ખાતે આવેલ સંત રોહિદાસ સેવા સમાજ દ્વારા સંત રોહિદાસજીની ૬૪૦મી જન્મજયંતિ સેકટર-૬ સ્મૃતિ મંદિરથી ભવ્ય શોભાયાત્રા નિકળશે. શહેરના મુખ્ય માર્ગો પર ફરી સ્મૃતિ મંદિર ખાતે પણ આવશે. ત્યારબાદ બપોરે ૩ કલાકે ધર્મસભા યોજાશે. જેના ઉદ્ઘાટક તરીકે આત્મરામભાઈ પરમાર (મંત્રી સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ) સમારંભના પ્રમુખ તરીકે અમિતભાઈ ચૌધરી (ધારાસભ્ય માણસા) મુખ્ય મહેમાદન તરીકે આર.એમ. પટેલ (ધારાસભ્ય અસારવા, અમદાવાદ) રમેશભાઈ ચાવડા (ધારાસભ્ય કડી), અશોકભાઈ પટેલ (ધારાસભ્ય ગાંધીનગર ઉત્તર), દિનેશભાઈ પરમાર (પૂર્વ મંત્રી) રાવજીભાઈ પટેલ (પ્રમુખ ભારતીય જનતા પાર્ટી, ચાંદખેડા) અને સમાજના અગ્રણીઓ અને નાગરિકો ઉપસ્થિત રહેનાર છે. ત્યારબાદ રાત્રે ૮ કલાકે સ્મૃતિ મંદિરે લોકડાયરો યોજશે.

# હોસ્પિટલના એનઆઈસીયુ વોર્ડમાં પોપડું પડ્યું

ગાંધીનગર, તા.૯

ગાંધીનગર સિવિલ હોસ્પિટલના જર્જરીત ઈ બ્લોકના ભોંયતળીયે આવેલ એનઆઈસીયું વોર્ડમાં આજે સવારના દસેક વાગ્યાના અરસામાં છત પરથી અચાનક મસમોટું પોપડું પડ્યું હતું. આ સમયે વોર્ડમાં માત્ર એક જ બાળદર્દી હાજર હતું. આ બાળદર્દીથી પાંચ ફુટ દુર પોપડું પડતા તેના વાલીનો જીવ પણ અદ્ધર થઈ ગયો હતો. જો કે પોપડું પડ્યા બાદ ડોકટર દ્વારા આ દર્દીને પણ વોર્ડમાંથી અમદાવાદ રીફર કરી દેવામાં આવ્યો હતો. આ ઘટના સમગ્ર સંકુલમાં ચર્ચાનો વિષય બની હતી.

ગાંધીનગર સિવિલ હોસ્પિટલનું તંત્ર ખાડે ગયું છે. એક પછી એક સમસ્યાઓ બહાર આવી રહી છે. એમસીઆઈની તૈયારીમાં તંત્ર વ્યસ્ત બની ગયું છે. ત્યારે નવી અને જુની ઈમારતમાંથી સતત છતમાંથી પાણી ટપકતું રહે છે.



પરંતુ આ સમસ્યા કોઈ પણ સતાધિશના ધ્યાને આવતી નથી. જેને પગલે છતમાંથી પોપડું પડવાની ઘટનાઓ બનવા પામે છે. ત્યારે હોસ્પિટલના ભોંયતળિયે ઈ બ્લોકમાં આવેલ નાના બાળકોના આઈસીયું વોર્ડમાં છેલ્લા કેટલાક સમયથી છતમાંથી પાણી ટપકતું હતું. વોર્ડમાં પાણી ટપકતા ત્યાં રાખવામાં આવેલ બેડ સ્ટાફ દ્વારા ખસેડી દેવામાં આવ્યો હતો. વોર્ડમાં અચાનક મસમોટું પોપડું પડવાનો બનાવ બન્યો ત્યારે વોર્ડમાં માત્ર એક જ બાળદર્દી સારવાર હેઠળ હતો. આ દર્દીના પાંચ બેડ દુર પોપડું પડતા સ્ટાફ અને દર્દીના માતાપિતાનો જીવ પણ અધ્ધર થઈ ગયો હતો. આ બનાવને પગલે વોર્ડમાં સારવાર લઈ રહેલા બાળદર્દીને પણ અમદાવાદ રીફર કરી દેવામાં આવ્યો હતો. આ બનાવની જાણ તાત્કાલીક અધિકારીઓને થતા એનઆઈસીયુ વોર્ડ ખાતે દોડી પહોંચ્યા હતા. ઉલ્લેખનીય છે કે હોસ્પિટલ સંકુલ કરોડોના ખર્ચે તૈયાર કરાયું છે છતા નવા તેમજ જુના બિલ્ડીંગની છતમાંથી પાણી ટપકવાની સમસ્યા સર્જાય છે. પોપડું પડ્યું તે સ્થળ પર ઓકસીજનની લાઈન લાગેલી છે.જેથી ત્યાં નાનાબાળ દર્દીનો બેડ પણ હતો પરંતુ થોડા સમય પહેલા વધુ પાણી ટપકવાથી બેડ દુર કરાયો હતો. ત્યારે તાત્કાલીક આ સમસ્યા દુર કરવામાં આવે તેવું દર્દીઓ ઈચ્છી રહ્યા છે.

## માર્ચમાં ડુંગરાળ વિસ્તાર ભ્રમણ અને આર્ટીફિશયલ રોક કલાઈમ્બીંગ કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા.૯

રાજ્ય સરકારના યુવક સેવા અને સાંસ્કૃત્તિક પ્રવૃત્તિઓ વિભાગ દ્વારા આગામી માર્ચ માસમાં આટીર્ફિશયલ રોક કલાઈમ્બીંગ અને ડુંગરાળ વિસ્તાર પરિભ્રમણ કાર્યક્રમનું આયોજન કરાયું છે. રસ ધરાવતા યુવક-યુવતીઓએ ૨૩મી ફેબ્રુઆરી, ૨૦૧૭ સુધીમાં નિયત અરજીઓ સ્વામી વિવેકાનંદ પર્વતારોહણ તાલીમ સંસ્થા, સાધના ભવન, ગૌમુખ રોડ, આબુ અથવા ઈન્સ્ટ્રકટર ઈન્ચાર્જ, પંડિત દિન દયાળ ઉપાધ્યાય પર્વતારોહણ તાલીમ કેન્દ્ર, ગિરનાર દરવાજા, રાધાનગર, જૂનાગઢ ખાતે મોકલી આપવાની રહેશે.

## લાયન્સ કલબ દ્વારા શહેરના વિદ્યાર્થીઓ માટે પરીક્ષા માર્ગદર્શન શિબિરનું આયોજન

### સે-૧૭ સ્ટાફ ટ્રનીંગ કોલેજ ખાતે સવારે ૯.૩૦ કલાકે અંગ્રેજી માધ્યમ અને સવારે ૧૧ કલાકે ગુજરાતી માધ્યમના વિદ્યાર્થીઓ માટે શિબિર યોજાશે

ગાંધીનગર, તા.૯

આજનો યુગ સ્પર્ધાત્મક પરિક્ષાઓનો યુગ છે. ત્યારે કિશોરાવસ્તાથી શરુ કરીને આજીવન વ્યકિત વિદ્યાર્થી અને પરિક્ષાર્થીની ભૂમિકા અદા કરતો રહે છે. ત્યારે ધોરણ-૧૦ અને ૧૨ ના વર્ષો અત્યંત મહત્વના સાબિત થાય છે. આ સમયગાળામાં વિદ્યાર્થીઓને જીવનની કપરી કસોટીમાંથી પસાર થવાનું હોય છે.આ સમયગાળાની ઉંમરનો તબક્કો પણ મુંઝવનારો હોવા સાથે વિદ્યાર્થી અનેક પ્રકારની માનસિક તેમજ વાસ્તિવક સમસ્યાઓમાંતી પસાર થાય છે. શહેરના વિદ્યાર્થીગણને મદદરૂપ થવાના હેતુથી લાયન્સ કલબ દ્વારા પરિક્ષા માર્ગદર્શન શિબિરનું તા.૧૧ ફેબ્રુઆરીને શુક્રવારના રોજ સેકટર-૧૭ સ્ટાફ ટ્રેનીંગ કોલેજ ખાતે સવારે ૯.૩૦ કલાકે અંઆયોજન કરવામાં આવ્યું છે.

આ શિબિરમાં વકતા તરીકે મહર્ષિ રાવલ ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને માર્ગદર્શન પુરુ પાડશે. અંગ્રેજી માધ્યમના વિદ્યાર્થીઓ માટે સવારે ૯.૩૦ કલાકે તેમજ ગુજરાતી માધ્યમના વિદ્યાર્થીઓ માટે ૧૧ કલાકે યોજાશે. સુરક્ષા સેતુ સોસાયટી અને મહર્ષિ ફાઉન્ડેશન દ્વારા વિદ્યાથીઓને આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા અનુરોધ કર્યો છે.





વિશ્વકર્મા જયંતિ : વિશ્વકર્મા જયંતિ નિમિત્તે શહેરમાં ભવ્ય શોભાયાત્રા યોજાઈ હતી. સેકટર-૧૨ના વિશ્વકર્મા મંદિરના પાટોત્સવની ઉજવણીમાં પણ ભાવિકો મોટી સંખ્યામાં ઉમટ્યા હતા. ગુરુવારે વહેલી સવારથી પૂજન - અર્ચન અને મહાઆરતીના ઉત્સવો યોજાયા હતા. ભગવાન વિશ્વકર્માની ભવ્ય પ્રતિમાના નગરજનોએ દર્શન કર્યા હતા.

## ગાંધીનગર ખાતે સિંધી સાહિત્ય ગૌરવ પુરસ્કાર એનાયત શ્રેષ્ઠ પુસ્તક પારિતોષિક અર્પણ કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા.૯

કલાને પ્રોત્સાહિત કરવા રાજ્ય સરકાર દ્વારા આગામી સમયમાં 'કલા મહાકુંભ'નું આયોજન કરવામાં આવશે. સાહિત્યના વિકાસ અને સાહિત્યકારોને પ્રોત્સાહિત કરવા રાજ્ય સરકાર કટિબદ્ધ છે, તેમ આજે ગાંધીનગર ખાતે ગુજરાત સાહિત્ય અકાદમી અને સિંધી સાહિત્ય અકાદમીના ઉપક્રમે યોજાયેલા સિંધી સાહિત્ય ગૌરવ પુરસ્કાર એનાયત કાર્યક્રમમાં રાજ્ય કક્ષાના યુવા અને સાંસ્કૃતિક મંત્રી શ્રી રાજેન્દ્રભાઈ ત્રિવેદીએ જણાવ્યું હતું.

મંત્રીએ કહ્યું હતું કે, શ્રેષ્ઠ સાહિત્ય રચનામાં માણસને પણ ઉભો કરવાની ક્ષમતા ધરાવે છે. માતૃભાષાને ટકાવી રાખવા આપણે આપણા ઘરમાં પણ માતૃભાષા બોલવી જોઈએ. સિંધી ભાષાએ સિંધી સંસ્કૃતિને ટકાવી-જતન કરવામાં ખૂબ મોટું પ્રદાન આપ્યું છે. પ્રધાનમંત્રીના 'એક ભારત શ્રેષ્ઠ ભારત'ના મંત્રને સાકાર કરવા આપણે અન્ય રાજ્યોની સંસ્કૃતિની સાથે ભાષાનું આદાન-પ્રદાન પણ કરવું પડશે.

ગુજરાત સાહિત્ય અકાદમીના અધ્યક્ષ ભાગ્યેશ જહાએ સ્વાગત પ્રવચન કરતાં જણાવ્યું હતું કે, સાહિત્યને પ્રજા વચ્ચે લઈ જવાના મંત્ર-ધ્યેય સાથે અકાદમી સતત કાર્ય કરી રહી છે. અકાદમી દ્વારા સિંધી અને કચ્છી ભાષાના વિકાસ માટે પ્રાધાન્ય આપવામાં આવી રહ્યુ છે. સાહિત્યનું સ્તર વધુને વધુ ઉંચું લઈ જવા અકાદમી સતત પ્રયત્નશીલ છે. જેના ભાગરૂપે અકાદમી દ્વારા નાના શહેરોમાં પણ કાવ્ય સત્રો યોજવામાં આવે છે.

## આવતીકાલે રાજર્ષિ મુનિજીના ૮૭મા જન્મદિને મહોત્સવ

લાઈફ મિશન- રાજરાજેશ્વરધામ દ્વારા પ.પૂ. સ્વામી રાજર્ષિ મુનિજીના ૮૭માંજન્મદિન મહોત્સવની ઉજવણીનું આયોજન તા. ૧૧ ફેબ્રુઆરી, ૨૦૧૭નાં રોજ પ્રેક્ષા ધ્યાન એકેડમી, કોબા, ગાંધીનગર ખાતે કરવામાં આવ્યું છે. લાઈફ મિશનના આચાર્યા વિદુષીમા (અરુણાબા જાડેજા) એ જણાવ્યું હતું કે, તા.૧૧ ફેબ્રુઆરીનાં રોજ પ્રસિદ્ધિ - પરાંગમુખ પર યોગસિદ્ધિ - અભિમુખ પ.પૂ. સ્વામીર રાજર્ષિ મુનિજીનાં ૮૭માં



જન્મદિન મહોત્સવની ઉજવણીમાં સવારે ૮.૩૦ કલાકે ગુરુપૂજન કરવામાં આવશે. સવારે ૧૦ કલાકથી ગુરુજીનાં જન્મદિનની ઉજવણીનો કાર્યકર્મ આરંભાશે અને ભોજન બાદ મંત્રદિક્ષા આપવામાં આવશે.

# સેકટર-૨૪ અંબાજી માતાજીનો પ્રાણ-પ્રતિષ્ઠા મહોત્સવ સંપન્ન

ગાંધીનગર શહેરના સેકટર-૨૪ શ્રીનગરની પાવન ભુમી પર નવ નિર્મિત અંબાજી માતાજીના નૂતન મંદિરનો પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ યોજાયો હતો. જેમાં ત્રણ દિવસ સુધી વિવિધ ધાર્મિક કાર્યક્રમો યોજાયા હતા. જેમાં આજરોજ દેવોની પ્રાણ પ્રતિષ્ઠા, પ્રતિષ્ઠા હોમ કર્મચ અને સાંજે મહારઆરતી યોજાઈ હતી. જેમાં હજ્જારો ભકતો જોડાયા હતા. સેકટર-૨૪ ખાતે ત્રિ દિવસીય ધાર્મિક કાર્યક્રમોને પગલે ભકિતમય વાતાવરણ સર્જાયું હતું. અંબાજી મતાજીનો પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ ભવ્યાતિ ભવ્ય રીતે સંપન્ન થયો હતો.

ગાંધીનગર શહેરના સેકટર-૨૪ શ્રી નગર ખાતે અંબાજી માતાજીનું મંદિર ૩૮ વર્ષ જુનુ અને જાણીતું છે. ભાવિકોની આસ્થાનું કેન્દ્ર બનેલા અંબાજી મંદિરના જીણોધ્ધાર પ્રસંગે પ્રારંભે યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું. સ્થાપિત દેવોના પૂજન, હોમ અને પૂજા આરતી બાદ રાત્રીના રાસગરબાનું પણ ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ મંગલકાર્ય અવસર નિમિતે સતત બીજા દિવસે પણ મંદિર વાસ્તુ દીક્ષુ હોમ, દેવોનો ન્યાસ, નગર યાત્રા જલયાત્રા, હોમાત્મક કર્મ, તેમજ પુજા અર્ચના સહિતના ધાર્મિક કાર્યક્મો યોજાયા હતા. જયારે આજે અંતિમ દિવસે સવારે ૯ કલાકે દેવોની પ્રાણ પ્રતિષ્ઠા કરવામાં આવી હતી આ દિવ્ય પ્રસંગે પ્રતિષ્ઠા હોમ કર્મ અને મહાઆરતીનું પણ આયોજન કરવામાં આવ્યું હતું . દિવ્ય મંદિરના ભવ્ય મહોત્સવના અંતે મોટીસંખ્યામાં ભાવિકોએ પ્રસાદનો પણ લાભ લીધો હતો. ગોગાજી ધામ ઉનાવાના શકરાબાપાએ ભકતોને આશિર્વચન પાઠવ્યા હતા. છેલ્લા ત્રણદિવસથી ચાલતા ધાર્મિક કાર્યક્રમને પગલે સેકટરમાં ધાર્મિક વાતાવરણ સર્જાયુંહતું. માતાજીના દર્શનનો લ્હાવો મેળવવા માટે ગાંધીનગર શહેરના મેયર અને સ્થાનિક કોર્પોરેટર હાજર રહ્યા હતા. જયારે જય અંબે સેવા ટ્રસ્ટના સભ્યો અને શ્રીનગર વસાહતના ભાઈ બહેનો તેમજ વેપારીઓએ પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવને સફળ બનાવવા માટે ભારે જહેમત ઉઠાવી હતી. જયારે હજ્જારો ભકતોએ માતાજીના દર્શનનો લ્હાવો મેળવી ધન્યતા અનુભવી હતી.

## ગણતંત્ર દિવસની શિબિરમાં ઉત્કૃષ્ઠ પ્રદર્શન કરનાર કેડેટ્સનું સન્માન

રાજભવનમાં એન.સી.સી., ગુજરાત દ્વારા આજે યોજાવામાં આવેલ 'સ્નેહ સંમેલન'માં રાજ્યપાલશ્રીએ તેમના ઉદ્બોધનમાં જણાવ્યુ હતુ કે પ્રજાસત્તાક દિન શિબિરમાં પ્રતિનિધિત્વ કરનાર એન.સી.સી.ના વિદ્યાર્થીઓએ રાજ્યની ગરિમાને વધારી છે. તેમણે શિબિરમાં ભાગ લેનાર તમામ વિદ્યાર્થીઓને ઉત્કૃષ્ટ પ્રદર્શન માટે અભિનંદન આપ્યા હતા. એન.સી.સી., ગુજરાતે મેજર જનરલ સુભાષ શરણના નેતૃત્વમાં ભાવનગરથી ઓખા સુધી ૪૦ એન.સી.સી. કેડેટ ''સાહસિક-નૌકાયાન અભિયાન'નું આયોજન કરાયું છે, તેની સફળતા માટે રાજ્યપાલશ્રીએ ટીમને શુભેચ્છાઓ આપી હતી.

# ગાંધીનગર ખાતે યોજાયેલ સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ ઈનોવેશન પોલીસી સેમિનાર

ગાંધીનગર, તા.૯

રાજયના યુવાધનમાં અપાર કૌશલ્ય રહેલું છે ત્યારે સ્ટાર્ટઅપ દ્વારા રાજયમાં યુવાનોને રોજગારી મળી રહે તેવી અપાર શકયતાઓ રહેલી છે. આમેય સમગ્ર દેશમાં રોજગાર આપવામાં ગુજરાત મોખરે છે ત્યારે સ્ટાર્ટઅપ દ્વારા શરૂ થયેલ કોઈપણ પ્રોજેકટ અને તેના વ્યાવસાયિક વિકાસના પરિણામે આગામી દિવસોમાં રાજયમાં યુવાનોની રોજગારીની તકો વિપુલ માત્રામાં જન્મશે તેવો આશાવાદ શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ વ્યકત કર્યો છે. આજે ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ વિભાગ દ્વારા ગાંધીનગર ખાતે યોજાયેલ સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન પોલીસી અંગેના સેમીનારને ખુલ્લો મુકયા બાદ શિક્ષણમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, રાજયના યુવધનમાં અપાર બુદ્ધિ કૌશલ્ય પડેલુ છે ત્યારે સ્ટાર્ટઅપ તેના વ્યવસાય વિકાસ માટે નવિન તક પુરી પાડશે.

ગાંધીનગર ખાતે યોજાયેલ સેમીનારમાં AICTEના ચેરમેન પ્રો.અનિલ સહસ્ત્રબુધ્ધે અટલ ઈનોવેશન મિશન નીતિ આયોગના એમ.ડી. ડૉ.મુરલીકિષ્ણન કુમાર તથા NSTEDB ના ડૉ.એચ.કે.મિત્તલ વગેરે તજજ્ઞોની ઉપસ્થિતિમાં યોજાયેલ આ



સેમિનારમાં શિક્ષણ મંત્રીએ ગુજરાતમાં સ્ટાર્ટઅપ આધારિત વ્યાવસાયિક વિકાસની ઉજજવળ તકો તરફ નિર્દેશ કર્યો હતો.

તેમણે જણાવ્યુ હતું કે, રાજયનાં કૃષિ અને ઉદ્યોગ ક્ષેત્રે રોજગારીની વિપુલ તકો છે. તેમાં વિપુલ પ્રમાણમાં રોજગારીના સંદર્ભમાં માંગ પણ છે. ત્યારે આ માંગને સંતોષવા તેને અનુરૂપ વ્યાવસાયિક કૌશલ્ય હાંસલ કરે તે જરૂરી છે અને આ કૌશલ્ય સ્ટાર્ટઅપ દ્વારા સતત અભ્યાસ અને સંશોધનથી શકય બનશે. ગામડામાં આજે ઘર વપરાશ માટે સતત ૨૪ કલાક વિજળી મળી રહેતી હોવાથી ઘરે ઘરે વિજાણુ ઉપકરણોનો વ્યાપ વધ્યો છે, ત્યારે આ ઉપકરણોની માવજત માટે પણ ગામડે-ગામડે ઈજનેરી, ટેકનિકલ જ્ઞાન ધરાવતાં યુવાનોની ખુબ જ જરૂર છે અને આવું જ્ઞાન પણ સ્ટાર્ટઅપ પ્રોજેકટના વિકાસ દ્વારા જ શકય બને.

## ઉનાવા ખાતે નેશનલ ડી વોર્મિંગ ડે ઉજવાશે

ગાંધીનગર, તા. ૯

આજે ઉનાવા પ્રાથમિક શાળા ખાતે નેશનલ ડી વોર્મિંગ ડે ની ઉજવણી જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા કરવામાં આવશે.

કેન્દ્ર સરકારના રાજ્ય કૃષિ મંત્રી પુરૂષોત્તમભાઈ રૂપાલાની વિશેષ ઉપસ્થિતિમાં આ ઉજવણી કરવામાં આવનાર છે. આ માટે તંત્ર દ્વારા તડામાર તૈયારીઓ ચાલી રહી છે.

બાળકો જે એનેમીક હોવાનું ચૌકાવનારૂ તારણ શાળા-આરોગ્ય ચકાસણી દરમ્યાન બહાર આવતાં બાળકોને આયર્ન ટેબ્લેટ સરકાર દ્વારા આપવામાં આવશે. દર સપ્તાહે એક દિવસ આ ટીકડીઓનું વિતરણ કરવામાં આવશે.

## આજે સંત શિરોમણી શ્રી રોહિદાસની જન્મ જયંતિ મરજીયાત રજા જાહેર

ગાંધીનગર, તા.૯

રાજ્ય સરકારે એક જાહેરનામા દ્વારા સંત શિરોમણી શ્રી રોહિદાસની જન્મ જયંતિ તા. ૧૦ ફેબ્રુઆરી, શુક્રવારના રોજ મરજીયાત રજા જાહેર કરી છે. સામાન્ય વહીવટ વિભાગની યાદી અનુસાર આ હુકમો રાજ્ય સરકાર હસ્તકના બોર્ડ-કોર્પોરેશન તેમજ પંચાયત કર્મચારીઓને પણ લાગુ પડશે.

**જાહેર નિવિદા નં.૧ સને ૨૦૧૭-૧૮**

ગુજરાત રાજ્ય બાંધકામ ખાતાના માર્ગ અને મકાન તથા સિંચાઈ વિભાગના કોન્ટ્રાક્ટરોની યોગ્ય શ્રેણીમાં નોંધાયેલ કોન્ટ્રાક્ટરો પાસેથી નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી માર્ગ અને મકાન પેટા વિભાગ, ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિની સામે, માલપુર, ફોન નંબર (૦૨૭૭૩) ૨૨૩૧૬૩ દ્વારા મકાનને લગતા કુલ-૧ (એક) કામના ટેન્ડરો માંગવામાં આવે છે. સદરહુ કામની અંદાજીત રકમ રૂ. ૨.૮૧ છે. માન્ય ઈજારદારશ્રીઓને ટેન્ડરો તા. ૧૩/૨/૨૦૧૭ના રોજ ૧૬.૦૦ કલાક સુધી ઈસ્યુ કરવામાં આવશે. ટેન્ડરો ભરાઈને તા. ૨૦/૨/૨૦૧૭ સુધીમાં રજી.પો.એ.ડી./સ્પીડ પોસ્ટ દ્વારા અત્રેની કચેરીએ પહોંચાડવાના રહેશે. આ કામની વિગતવાર નોટીસ કચેરીના બોર્ડ ઉપર મૂકવામાં આવેલ છે. તેમજ માહિતી ખાતાની વેબસાઈટ www.statetenders.com ઉપરથી પણ જોઈ શકાશે. આ નોટીસ અંગેની વધુ માહિતી માટે ઉપરોક્ત કચેરીનો જાહેર રજા સિવાયના દિવસોમાં રસ ધરાવતા ઈજારદારોએ રૂબરૂ સંપર્ક સાધવા વિનંતી છે.

ક્રમાક ના.મા.નિ./હિંમત/૫૩૦/૨૦૧૭